# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા H.T. કનેકશનમાં Pro. Rata Charge માં વસુલવામાં આવતા GST ની વિસંગતતા દુર કરવા PGVCL, GUVNL, GETCO ના મેનેજીગ ડિરેકટરો સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

હાલ ઈન્ડસ્ટ્રીયલ એકમો દ્વારા હાઈટેશન (H.T.) કનેકશનની માંગણી કરવામાં આવે છે ત્યારે તેઓના કવોટેશનમાં Pro. Rata Charges Per KVA Rs.1879/- પ્રમાણે ઉઘરાવવામાં આવે છે અને તેના ઉપર ૧૮% GST પણ વસુલવામાં આવે છે. જે કેન્દ્ર સરકારના નોટીફિકેશન મુજબ નિયમ વિરૂધ્ધની પ્રેકટીશ થતી હોય તેવું જણાઈ રહ્યું છે.

PGVCL / GUVNL / GETCO દ્વારા જે Pro. Rata Charges ઉઘરાવવામાં આવે છે તે ફકત Per KVA વસુલવામાં આવે છે. H.T. કનેકશન મેળવનાર ગ્રાહકો માટે જે તે સમયે કોઈપણ પ્રકારની સર્વિસ કે નવું ઈરેકશન કનેકશનની માંગણી વખતે કરવામાં આવતું નથી. તેમ છતા ૧૮% GST ઉઘરાવવું અવ્યવહારૂ જણાય છે. GST હંમેશા ગુડઝ-ખરીદી અને સર્વિસ ઉપર જ લાગતો હોય છે જેથી ગ્રાહકોનો Pro. Rata Charges માં સમાવેશ થતો નથી. તેમજ વિશેષમાં જણાવવાનું કે, કેન્દ્ર સરકારના Notification No.08/2024-Central Tax(Rate) તા.૦૮/૧૦/૨૦૨૪ મુજબ પેરા ૨૫ થી GST મુકિત માટે વિગતવાર જણાવેલ છે. તેમ છતાં વિવિધ કચેરીઓ દ્વારા Pro. Rata Charge માં ૧૮% GST વસુલવામાં આવે છે. તે અવ્યવહારૂ હોય આ અંગે જરૂરી માર્ગદર્શન આપવા તેમજ જો આ નોટીફિકેશનનું અમલીકરણ થયેલ હોય તો ત્યાર પછી ઉઘરાવેલ તમામ ગ્રાહકોની GST રકમ પરત આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા PGVCL, GUVNL, GETCO ના મેનેજીગ ડિરેકટરો તથા GETCO ફાઈનાન્સના જનરલ મેનેજર સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.